**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૪/૧૨/૨૦૧૪ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૧૧૨/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી ૧૩૧ લીટર દેશી દારૂ, ૨૯૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૧૨ ક્વોટર ઈંગ્લીશ દારૂ, ૨૧ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૨,૦૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૧૧૩/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણ/બળાત્કારની ફરીયાદ :-** **સમાચાર યાદી નં. ૩૧૧૪/૧૪**

**ઇસનપુર** : ઇસનપુર વિસ્તારમાં રહેતી ૧૪ વર્ષની તરૂણીના પિતાએ તા.૨૩/૧૨/૧૪ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૧૨/૧૪ બપોરના ૨/૦૦ થી ૪/૩૦ વાગ્યા દરમ્યાન પોતાની ૧૪ વર્ષની પુત્રીનું આરોપી મનીષભાઇ ઉર્ફે સાગર ઉર્ફે લાલો જશવંતભાઇ ચોકસી (રહે.સનસેટ રો હાઉસ, ગુરૂકુળ સ્લમ ક્વોટર્સ સામે, મેમનગર)નાનો અપહરણ કરી લઇ જઇ તેની મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.એસ.પટેલ ચલાવે છે.

**ગે.કા.ઘરમાં પ્રવેશી બળજબરીથી રૂપિયા કઢાવ્યાની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં. ૩૧૧૫/૧૪**

**ઇસનપુર** : મીનાબહેન બચુભાઇ મિશ્રા (રહે.રણછોડપાર્ક સોસાયટી, ધોળેશ્વર મહાદેવની સામે, ઇસનપુર) એ તા.૨૩/૧૨/૧૪ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૧૨/૧૪ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે દિલ્લી પોલીસની ઓળખ આપી ચાર અજાણ્યા પુરૂષ ફોર ગાડી નંબર જીજે.૧.આર.એચ.૪૫૪ માં બેસી આવ્યા હતા. જે પુરૂષોએ ભેગામળી મીનાબહેનનાં ઘરમાં પ્રવેશ કરી, ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી રૂપીયા ૨,૦૦,૦૦૦/- કઢાવી લઇ પલાયન થઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ડી.રાતડા ચલાવે છે.

**<u>છેતરપીંડી :-</u>** **<u>સમાચાર યાદી નં. ૩૧૧૬/૧૪</u>**

**આનંદનગર :** અંકિતભાઇ હરેશભાઇ પટેલ (રહે.પીપળાવાળી પોળ, વાડીગામ, દરીયાપુર) એ તા.૨૩/૧૨/૧૪ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી મિતાબહેન ડાહ્યાભાઇ પટેલ (રહે.પટેલ સોસાયટી, આઇ.સી.આઇ.સી.આઇ.બેંકની સામે, પ્રોડક્ટીવીટી રોડ, અકોડા, વડોદરા) એ ત્રણેક મહિના પહેલાં પ્રહલાદનગર રમાડા હોટલ પાસે, ઇન્ફીનીટી ટાવરમાં વાઇબ્રન્ટ ઇન્ટર નેશનલ નામની વિઝા કન્સન્ટન્સીની ઓફીસ ખોલી વર્ક પરમીટ વિઝાનું કામ કરી આપવાનું કહી અંકિતભાઇ પાસેથી રૂપિયા ૫૦,૦૦૦/- તથા બિજા સાહેદો પાસેથી રૂપિયા લઇ બાદમાં તે મુજ્બ વિઝા નહીં અપાવી અંકિતભાઇ અને સાહેદો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં. ૩૧૧૭/૧૪</u>**

**નરોડા :** કૌશલ્યાબહેન જીગ્નેશભાઇ પટેલ (ઉ.વ.૨૪)(રહે.અમિધારા સોસાયટી, સરદાર ચોક, મણીબા સ્કુલની પાછળ નરોડા) એ કોઇ કારણસર તા.૨૩/૧૨/૧૪ સવારનાં ૯/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે હુક માં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.ઈ.શ્રી પી.પી.પીરોજીયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.